# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


===============================================================

અખબારી યાદી તા. ૮-૪-૨૦૨૩

- **એક તરફ દેશના લાખો પરિવારો ગરીબીમાં ધકેલાઈ રહ્યાં છે બીજી બાજુ, મોદીજીના મિત્રો અસિમીત રીતે તિજોરીના લાભો મેળવીને અબજોપતિ બની રહ્યાં છેઃ શ્રી જગદીશ ઠાકોર.**
- **૨૫ એપ્રિલ થી રાજ્યના ૩૩ જીલ્લા કલેક્ટર કચેરી સામે સંમેલન અને કલેક્ટર કચેરીને ઘેરાવો - કાર્યક્રમ જેમાં રાષ્ટ્રીય કક્ષાના વરિષ્ઠ નેતાઓની ઉપસ્થિતીમાં કાર્યક્રમનું આયોજન**

આદરણીય રાહુલજીની સાથે એકતામાં અને તેમની નિર્ભય લડાઈના અડીખમ સમર્થનના ભાગરૂપે અમદાવાદ જિલ્લામાં સાણંદ ખાતે યોજાયેલ સંમેલન-ધરણાપ્રદર્શનમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, આ તાનાશાહી સરકાર, જુલમ કરવાવાળી સરકાર, લોકશાહી - બંધારણને ખતમ કરવાવાળી સરકારની સામે પ્રજાના પ્રશ્નોને લઈને આંદોલનો કરતા કોંગ્રેસે જેલો ભરવી પડે તો જેલ ભરોના આંદોલનો સાથેની લોકજાગૃતિ સાથેના કાર્યક્રમો કરી રહી છે.

શ્રી રાહુલ ગાંધીને લોકસભાના સભ્યપદેથી ગેરલાયક ઠેરવવાની બાબત મજબૂત સંકેત છે કે વિશ્વની સૌથી મોટી લોકશાહી ગંભીર સ્થિતિમાં છે. વિવિધ પ્લેટફોર્મ પર મોદી અને અદાણી વચ્ચેના સંબંધો પર શ્રી રાહુલ ગાંધી સતત સવાલો કરી રહ્યાં છે. તેમના પ્રિય મિત્ર અદાણીને મદદ કરવા માટે મોદી દ્વારા સત્તાના દુરુપયોગ સામે રાહુલજીની નિર્ભયતા સાથે અણનમ લડતથી તેઓ સંસદમાં તેમની સાંઠગાંઠનો પર્દાફાશ કરશે તેવા ડરથી, સમગ્ર મોદી શાસન તેમનો અવાજ બંધ કરવા આવા કુટિલ પગલાંનો આશરો લઈ રહ્યું છે. કોંગ્રેસ પક્ષ આ હરકતની સખત નિંદા કરે છે અને સત્યની આ લડતમાં રાહુલજીની પડખે છે. શ્રી રાહુલ ગાંધી એકલા નથી, લાખો કોંગ્રેસીઓ અને ભારત દેશના કરોડો નાગરિકો સત્ય અને ન્યાયની આ લડાઈમાં તેમની સાથે છે.

બેરોજગારી અને મોંઘવારીથી જનતા ત્રસ્ત છે, જનતાને જીવન જીવવું મુશ્કેલ બની રહ્યું છે એક તરફ દેશના લાખો પરિવારો ગરીબીમાં ધકેલાઈ રહ્યાં છે બીજી બાજુ, મોદીજીના મિત્રો અસિમીત રીતે તિજોરીના લાભો મેળવીને અબજોપતિ બની રહ્યાં છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર કે પૂજ્ય મહાત્મા ગાંધી બાપુની પ્રતિમા સામે SC-ST-OBC-Minority ડીપાર્ટમેન્ટ દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું હતું. યુથ કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ. દ્વારા પોસ્ટ કાર્ડ ઝુંબેશ પ્રધાનમંત્રી મોદીને આ મુદ્દે પ્રશ્નો રકતા પોસ્ટકાર્ડ મોકલવામાં આવી રહ્યાં છે. અખિલ ભારતીય મહિલા કોંગ્રેસ દ્વારા નવી દિલ્હી ખાતે જંગી વિરોધ પ્રદર્શન યોજાયું હતું જેમાં ગુજરાતમાંથી મહિલાઓ જોડાઈ હતી. તાલુકા કક્ષાએ પત્રકાર પરિષદ યોજીને અદાણીસ્કેમ મિત્રકાળ અંગે જનતાને વાકેફ કરાવ્યા હતા. ૨૫ એપ્રિલ થી રાજ્યના ૩૩ જીલ્લા કલેક્ટર કચેરી સામે સંમેલન અને કલેક્ટર કચેરીને ઘેરાવો - કાર્યક્રમ જેમાં રાષ્ટ્રીય કક્ષાના વરિષ્ઠ નેતાઓની ઉપસ્થિતીમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

સંકલ્પ સત્યાગ્રહ સંમેલનમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મંત્રી અને મધ્ય ગુજરાતના પ્રભારીશ્રી ઉષા નાયડુ અને સાબરકાંઠાના હિંમતનગર ખાતે કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતાશ્રી બાલુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આવતી કાલે સૌરાષ્ટ્રના ચાર જીલ્લામાં તાલુકા સંમેલનોમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મંત્રી અને સૌરાષ્ટ્રના પ્રભારીશ્રી રામકીશન ઓઝા ઉપસ્થિત રહેશે.


ડૉ. મનિષ એમ. દોશી
મીડીયા કન્વીનર અને પ્રવકતા
મો. ૯૪૨૬૦૦૧૫૯૯